# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. ૦૯-૦૫-૨૦૨૨

- **આદિવાસી સત્યાગ્રહ રેલીને દાહોદ ખાતે નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ઐતિહાસીક મેદાન પર કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધી તા. ૧૦મી મે ના રોજ સવારે ૧૦ કલાકે સંબોધન કરશે.**
- **કોંગ્રેસ પક્ષ અંબાજી થી ઉમરગામ સુધીની તમામ આદિવાસી વિસ્તારોમાં ૧૦,૦૦૦ થી વધુ ચોપાલ કરીને આદિવાસી સમાજનો અવાજ બુલંદ કરશે.**

**'આદિવાસી સત્યાગ્રહ'** રેલીને દાહોદ ખાતે નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ઐતિહાસીક મેદાન પર કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધી તા. ૧૦મી મે ના રોજ સવારે ૧૦ કલાકે સંબોધન કરશે. ભારત દેશના બંધારણે આદિવાસી ભાઈ-બહેનોને આપેલા વિશેષ અધિકાર છીનવવાનું કામ ભાજપ સરકાર કરી રહી છે. આદિવાસી સમાજના ભાઈ-બહેનોને તેમના બંધારણીય હક્ક અને અધિકાર મળે તે માટે કોંગ્રેસ પક્ષ સતત સંસદ, ધારાસભા અને સડક પર લડત આપી રહ્યો છે. ગુજરાતમાં ભાજપની સરકાર આદિવાસી સમાજની ઓળખ અને તેની સંસ્કૃતિને મોટા પાયે નુકસાન કરી રહી છે. મનરેગા, જંગલની જમીનના અધિકાર સહિત અનેક કાયદાનું ગુજરાતની ભાજપ સરકાર અમલ કરતી નથી અને જ્યાં દેખાવ પુરતી યોજના કરે તો તેમાં મોટા પાયે ભ્રષ્ટાચાર ભાજપના મળતીયા કરી રહ્યાં છે. મનરેગામાં ઓછુ વેતન, કામના ઓછા કલાકો, કામના ઓછા દિવસો સહિત મોટા પાયે આર્થિક શોષણ ભાજપ સરકાર કરી રહી છે. ત્યારે આદિવાસી સમાજના ભાઈ-બહેનોના હક્ક અને અધિકાર માટે તા. ૧૦મી મે ના રોજ દાહોદ ખાતે સવારે ૧૦ કલાકે 'આદિવાસી સત્યાગ્રહ' રેલીમાં બહુ મોટી સંખ્યામાં જોડાવવા કોંગ્રેસ પક્ષ દ્વારા અપિલ કરીને નિમંત્રણ આપે છે. આવો સાથે મળીને આદિવાસી સમાજના ભાઈ-બહેનોના હક્ક - અધિકારને પુનઃ સ્થાપિત કરીએ.

શિક્ષણનું વ્યાપારીકરણ, આરોગ્ય સેવાની તકલીફો, રોજગાર - પેપર ફૂટવા - સરકારી ભરતીમાં વ્યાપક કૌભાંડ, નાના વેપારીઓની વ્યાપક તકલીફ - પરેશાની, મહિલા સુરક્ષા, મોંઘવારી, સામાજિક ન્યાય - દલિત, આદિવાસી પછાતવર્ગો પર વધતી, સતત વધતા જતા ટેક્ષ, આર્થિક અસમાનતા, ઘરનું ઘર - જમીન દલાલો - જમીન માફિયાઓને લીધે વ્યાપક હેરાનગતિ, સરકારી તંત્રનું એકતરફી વલણ - ખેસ વગરના કાર્યકર્તાઓ, બેફામ ભ્રષ્ટાચાર સહિતના અનેક મુદ્દાએ જનતા હેરાન પરેશાન છે. **તા. ૧૦મી મેના રોજ કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધી કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યો સાથે બપોરે ૨-૦૦ કલાકે બેઠક કરશે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધી આદિવાસી વિસ્તારના તમામ આગેવાનો સાથે પણ વિશેષ સંવાદ બેઠક યોજશે અને સ્થાનિક પરિસ્થિતિ વિશે વાર્તાલાપ કરશે.**

**'આદિવાસી સત્યાગ્રહ'** રેલીને દાહોદ ખાતે શ્રી રાહુલ ગાંધી કાર્યકરોને માર્ગદર્શન આપી આગામી સમયની અંદર વધુ મજબુતિથી આદિવાસી સમાજના પ્રશ્નો માટે લડતના કાર્યક્રમો ખુલ્લા મુકશે. **'આદિવાસી સત્યાગ્રહ'** રેલીમાં આદિવાસી સમાજના સળગતા પ્રશ્નો, આદિવાસી અસ્મિતા, સંસ્કૃતિ માટે લડતનો નિર્ધાર જાહેર કરાશે. આદિવાસી સમાજના ભાઈ-બહેનોને તેમના બંધારણીય હક્ક અને અધિકાર મળે તે માટે કોંગ્રેસ પક્ષ અંબાજી થી ઉમરગામ સુધીની **તમામ આદિવાસી વિસ્તારોમાં ૧૦,૦૦૦ થી વધુ ચોપાલ કરીને આદિવાસી સમાજનો અવાજ બુલંદ કરશે.**

'આદિવાસી સત્યાગ્રહ' રેલીને સફળ બનાવવા માટે છેલ્લા પાંચ દિવસથી ગુજરાત સંગઠન પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ આરોગ્યમંત્રી ડૉ. રઘુ શર્મા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, શ્રી અર્જુન મોઢવાડીયા, શ્રી અમિત ચાવડા, રાજ્યસભાના સાંસદશ્રી નારણભાઈ રાઠવા, સ્થાનિક ધારાસભ્યો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પક્ષના હોદ્દેદારશ્રીઓ સાથે તાલુકા કક્ષા સુધી બેઠકો કરીને આદિવાસી સત્યાગ્રહ રેલીને જંગી સફળતા માટે સતત મહેનત કરી રહ્યાં છે. ગુજરાત કોંગ્રેસના સંગઠન સહપ્રભારીશ્રી વિરેન્દ્રસિંહ રાઠોડ, શ્રી રામકિશન ઓઝા, શ્રી બી.એમ. સંદીપ, પ્રભારીશ્રીઓએ પણ આદિવાસી વિસ્તારોમાં આગેવાનો સાથે સત્યાગ્રહ રેલીની સફળતા માટે સતત પ્રયત્ન કરી રહ્યાં છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા